ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## સમઝ અપની અપની

જેણે એક વખત આખા જગતને ધ્રુજાવ્યું એવા સ્ટેલીનના મૃત્યુ વેળા એની હાલત કેવી થઈ હતી, તે તેની પુત્રીના શબ્દોમાં સાંભળો :

'તે ખૂબ પરેશાન અને દુઃખી હતા, એમને ચેન પડતું નહિ...મોતની ઘડીઓ નજદીક આવી અને એમણે આંખ ખોલી સૌ તરફ એકવાર જોયું. એમણે પોતાનો જમણો હાથ ઉઠાવ્યો અને ઉંચે કોઈક તરફ ઈશારો કર્યો. આ વખતે એમના ચહેરા ઉપર ગંભીર દુઃખની લાગણી જણાતી હતી. અમે એમનો ઈશારો સમજી શકયાં નહિ.'

જોયું આપે કે, અલ્લાહ ચાહે તેને માટે :- 'વન્નાશેતાતે નશતંવ'

મોતની ઘડીઓ જન્નત બનાવી દે - ગુલે ગુલઝાર બનાવી દે.

અને ચાહે તેને માટે :-

'વન્નાઝે આતે ગરકંવ'

મોતની ઘડીઓ જહન્નમ બનાવી દે !!

અલ્લામા ઈકબાલે ઠીક જ કહયું છે:-

નિશાને મર્દે મો'મિન બા તુ ગોયમ
ચૂં મર્ગે આયત તબસ્સુમ બર લબે ઉસ્ત

(મૃત્યુ વેળા મો'મિનના મુખ ઉપર દુઃખ અને ભયની લાગણી નહિ; પણ એના મુખ ઉપર હાસ્ય ફરકતું હોય છે.)

● શાકિર ઉનિઆ

માહે મોહૅરમ ૧૪૪૨ સપ્ટેમ્બર - ૨૦૨૦ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasociety@yahoo.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

## ઇન્તેકાલે પુરમલાલ

### અલ્લાહતઆલા ગરીકે રહેમત કરે
### જ. અહમદભાઇ ગુલામ બોબાત સા. અલ્લાહની રહેમતમાં



આપણી સોસાટીના પ્રમુખ **જ. અહમદભાઇ ગુલામ બોબાત સા.**નું **તા. ૨૫-૮-૨૦૨૦** ના મંગળવારના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. **(ઇ.લી.)** મર્હુમ અહમદભાઇ સોસાયટીના પ્રમુખ ઉપરાંત વિવિધ હોદ્દાઓ ઉપર રહી ચુકયા હતા.એઓ હાજી એ.એમ.લોખાત અને એમ.એમ.મુલ્લા સાર્વજનીક હોસ્પીટલ-સુરત, ગુજરાત ટુડે દૈનીક ના પણ પ્રમુખ હતા. એ સિવાય યુનાઇટેડ વેલ્ફેર મુંબઇ સહીત અન્ય ઘણી સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ શોભાવી ચુકયા હતા. અહમદભાઇ એક દીર્ઘ દ્રષ્ટિ ધરાવનાર સાચા, અનુભવી અને સમાજનું દર્દ લઇને ચાલનાર વ્યકિત હતા. એમણે ખાસ કરીને મુસ્લીમ સમાજની સાથે અન્ય સમાજની શૈક્ષણિક, સામાજીક અને આરોગ્યપ્રદ સંસ્થાઓના વિકાસ અને સ્થાપનામાં મહત્વપુર્ણ ફાળો આપ્યો હતો. એમનું સમગ્ર જીવન એક અદના ગરીબ વ્યકિતથી લઇને સમાજના અન્ય લોકોના ભલા માટે અર્પણ કર્યુ હતું.

મર્હુમ અહમદભાઇ બોબાત સા. ના ઇન્તેકાલથી આપણી વહોરા સોસાયટી સહીત સમાજની તમામ સંસ્થાઓને ન પુરાય એવી ખોટ ગઇ છે. ઘણા સમયથી એમની નાદુરસ્ત તબિયત હોવા છતાં છેલ્લે સુધી તમામ સંસ્થાઓમાં કાર્યરત હતા. તેમની સલાહ, સુચનો, વિચારો, હંમેશા સંસ્થાના ભલા માટે ઉપયોગી હતા,એટલુ જ નહી પણ પોતે આર્થિક રીતે દરેક સંસ્થાઓને મદદ કરતા હતા.

મર્હુમ અહમદભાઇ એ આપણી વહોરા સોસાયટી માટે પરદેશમાં મર્હુમ ડૉ.મોતાલા સા.,જ. અબુબકર ઇશાક સા. વિગેરે સાથે પરદેશની ઘણી સફરો ખેડી હતી. દેશ અને પરદેશમાં એમનો અને એમની સામાજીક પ્રવૃતિનો એક મોટો ચાહક વર્ગ હતો. આમ આપણી સોસાયટી સહીત સમાજની તમામ સંસ્થાઓએ એક અદના ઇન્સાન અને અગ્રણી કાર્યકર ગુમાવ્યા છે. જેનું દ:ખ હંમેશા રહેશે.

**અલ્લાહપાક એમણે કરેલી સેવાઓને કબુલ કરી એનો બહેતરીન બદલો આપી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન**

**સોસાયટીના તમામ કાર્યકરો એમના દુઃખમાં સહભાગી છે.**

## સાલગીરાહ મુબારક



યુપીએના અધ્યક્ષ સોનીયા ગાંધીના રાજકીય સલાહકાર **જનાબ અહમદભાઇ મોહંમદ પટેલ સાહેબ** ૭૨ માં વર્ષમાં સફળતાપૂર્વક પ્રવેશતા સંસ્થાના તમામ કાર્યકરો તરફથી હાર્દીક શુભેચ્છા તથા જન્મ દીન મુબારક.

અલ્લાહ રબ્બુલ ઇઝઝત એમની ઉમરમાં બરકત આપે અને નઝરેબદથી એમની હિફાઝત કરે અને એમનાથી દેશ, સમાજ તેમજ સંસ્થાના કામો કરાવે એવી દુઆ. **આમીન.**

# વહોરા સમાચાર

▪ **હદીશ શરીફ**

મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન ઉમર(રદિ.)થી રિવાયત છે કે હઝરતે(સલ.) ફરમાવ્યું છે કે ચોકકસ ઘણી નેકબખ્તી આ છે કે માણસ પોતાના બાપના મરતા પછી અથવા તેના ગેબ થવા પછી પોતાના બાપના દોસ્તીવાળાની સાથે સારો વર્તાવ કરે.

આ હદીશમાં બાપના હકોની ઘણી તાકિદનો ઈશારો છે. કારણકે જયારે બાપના દોસ્તો સાથે ભલાઈ કરવી સારામાં સારી નેકી કહેવાય તો બાપની સાથે ભલાઈ કરવી તે તો વર્ણન ન કરી શકાય એવી નેકી છે. ભલાઈ કરવાથી દુઆ મળે છે તથા દોસ્તી કાયમ રહે છે.

▪ **ચિંતન**

સર્જનહાર શાંતિ ઈચ્છે છે અને સર્જનહારની ઈચ્છાનુસાર ચાલવું માનવીનું પરમ કર્તવ્ય છે.

સુખ નસીબદાર વ્યકિતને ઓળખે છે જયારે સંકટ મહાન વ્યકિતને.

સૌથી મોટી બદનામી સૌથી મોટા હોદ્દા સાથે જોડાયેલી છે.


**અંક : ૦૯**

**માસ: - સપ્ટેમ્બર ૨૦૨૦**

**માહે: મોહર્રમ ૧૪૪૨**

**તંત્રી : મસ્ત મંગેરા**


**કામ કર**

કામ એવું ખાસ કર,
જાત પર વિશ્વાસ કર.

મહેલ, વિલા છોડ ને,
તું હૃદયમાં વાસ કર.

મૌન કેવળ મૌન ધર,
જીભનો ઉપવાસ કર.

જો કમાવા પુણ્ય હો,
કયાંક લીલું ઘાસ કર.

જાતને હોમી અને
ઝળહળતું ચોપાસ કર.

## ▪ તંત્રી સ્થાનેથી...!

**એ ચહેરો હવે જોવા નહીં મળે**



અહમદભાઈ બોબાત સાહેબ

આજે અત્યંત દુ:ખદ હકીકત લખતાં હૃદય કંપી ઉઠે છે.

ન કલ્પેલું, ન ધારેલું, ન વિચારેલું થઈ ગયું. અલ્લાહની મરજી આગળ આપણું કંઈ ચાલી શકતું નથી. આપણે સૌ બધી રીતે લાચાર છીએ.

સોસાયટી પર તેમજ અન્ય ઘણી સંસ્થાઓ પર ઉંડો ઘા પડયો છે. જે ખોટ છે તે કદી પૂરાશે નહીં.

**અહમદભાઈ બોબાત સાહેબ** સદા હસતા ચહેરે મળતા અને લાગણી સભર દરેક સાથે સરખો વર્તાવ કરતા.

એમણે દરેક સંસ્થાઓ માટે કરેલાં કામો કોઈથી કદી ભૂલાશે નહીં. સંસ્થાના કાર્યો માટે જ મુંબઈથી અવારનવાર સુરત તેમજ અન્ય સ્થળે સદા દોડતા રહેતા.

આપણી સોસાયટીના દક્ષિણ વિભાગના લોકો માટે એમણે જે મહાન કાર્ય કર્યું છે એ કદી ભૂલાશે નહીં.

મુંબઈ મુસાફરખાના માટે શરૂઆતથી અંત સુધી અમને ઘણો ઘણો સહકાર આપ્યો. બીજા મહેમૂદભાઈ બાંગી સાહેબ. એમના સહકાર વગર આ કામ કદી થઈ શકતે નહીં. અલ્લાહ પાક મહુંમને જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ સ્થાન આપે એવી આપણી તમામની દિલી દુઆ.

લખવાનું ઘણું છે પણ બીજી વખતે...

સૌના દુ:ખમાં ભાગીદાર

▪ **મસ્ત મંગેરા(કાંગવઈ)**


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## ■ કોમ,રાજય અને ધર્મના સ્થાપક મહંમદ સાહેબ(સ.અ.વ.)

ઈસ્લામના સર્જેક હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબનો જન્મ દિવસ ઈદ-એ-મિલાદ અર્થાત્ બારે વફાત ૧૦ નવેમ્બરના રોજ ઈસ્લામના અનુયાયીઓએ ઉજવી. ઈસ્લામના પુનઃસર્જેક અને પ્રચારક મહંમદ સાહેબ (સ.અ.વ.)નો જન્મ ઈસ્લામી માસ રબ્બી ઉલ અવ્વલની ૧૨મી તારીખે સોમવારના દિવસે સવારે થયો હતો. અંગ્રેજી તારીખ ૨૦ એપ્રિલ ઈ.સ.૫૭૧. મહંમદ સાહેબ (સ.અ.વ.)ના જન્મનું વર્ણન ઈસ્લામિક ગ્રંથોમાં અત્યંત પ્રભાવશાળી રીતે આપવામાં આવ્યું છે.

વસંતઋતુની સોહામણી સવાર હતી. વાતાવરણમાંથી પ્રભાતના કિરણોની કોમળતા હજુ ઓસરી ન હતી. મકકા શહેરમાં આવેલા કાબા શરીફની નજીક હાશમની હવેલી(આજે તે મકાન પાડી નાંખવામાં આવ્યું છે.)ના એક ઓરડામાં બીબી આમેના સૂતાં હતા. આજે વહેલી સવારથી જ તેમની ઉંઘ ઉડી ગઈ હતી. પ્રભાતનાં પહેલાં કિરણના આગમન સાથે જ તેમને અવનવા અનુભવો સતાવી રહયા હતા. જાણે પોતાના ઓરડામાં કોઈના કદમોની આહટ તેઓ સાંભળી રહયા હતા! સફેદ દૂધ જેવા કબૂતરો તેમની નાજુક પાંખો બીબી આમેનાની પ્રસવની પીડાને ઓછી કરવા પ્રયત્ન કરતા હતા. અને તેમના એ પ્રયાસથી બીબી આમેનાનું દર્દ ગાયબ થઈ જતું હતું. આ અનુભવો દરમિયાન બીબી આમેનાના ચહેરા પર ઉપસી આવતા પ્રસ્વેદના બુંદોમાંથી કસ્તુરીની ખુશ્બુ આવતી હતી. ઓરડામાં જાણે સફેદ વસ્ત્રોમાં સજ્જ ફરિશ્તાઓ પુષ્પોની વર્ષા કરતા, હજરત મહંમદ સાહેબ (સ.અ.વ.)ના આગમનની આતુરતાથી રાહ જોઈ ઉભા હતા. આવા આહલાદક વાતાવરણમાં બીબી આમેનાની કુખે ખુદાના પ્યારા પયગમ્બરનો જન્મ થયો. તેમના જન્મ સાથે આખો ઓરડો પ્રકાશથી ઝળહળી ઉઠયો. આસપાસ ઉભેલી સ્ત્રીઓની આંખો આ નૂરાની પયગમ્બરના આગમનથી અંજાઈ ગઈ અને એ સાથે જ દુનિયાને ઈસ્લામના સિધ્ધાંતો ધ્વારા માનવતાનો મહિમા શીખવવા હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)સાહેબે આ દુનિયામાં આંખો ખોલી. મહંમદ પયગમ્બર (સ.અ.વ.)સાહેબ એક સારા વેપારી હતા. હજરત ખદીજાના વેપારી જહાજો લઈને વિદેશમાં ઈમાનદારીથી વેપાર કરી સારો નફો રળીને લાવ્યા હતા. તેમનામાં આવી રહેલ આધ્યાત્મિક પરિવર્તનની નોંધ લેતા સર વિલિયમ મ્યુર તેમના પુસ્તક લાઈફ ઓફ મહંમદમાં લખે છે : મહંમદ સાહેબ(સ.અ.વ.)માં શરૂઆતથી જ ચિંતનની આદત અને એક જાતની ગંભીરતા દેખાતી હતી. હવે તે ઘણી વધી ગઈ હતી અને હવે તેઓ પોતાનો ઘણો સમય એકાંતમાં ગાળવા લાગ્યા હતા. તેમનું મન ધ્યાન અને ચિંતનમાં ચોંટેલું રહેતું હતું. પોતાની કોમની પડતીનો તેમના મન પર ભારે બોજો હતો. સાચો ધર્મ શો ? એ વિષય એમના આત્માને અસ્વસ્થ કરતો હતો. તેઓ ઘણું ખરું મકકાની નજીકની સૂમસામ ખીણો અને ટેકરીઓ પર એકાંતમાં રહેવા, ચિંતન કરવા અને શાંતિ પ્રાપ્ત કરવા ચાલ્યા જતા. હીરા પહાડની તળેટીમાં ઉતારાનની ઉપર આવેલી એક ગુફા તેમની સૌથી પ્રિય જગ્યા હતી. અને એક દિવસ તેમને ખુદાનો સંદેશો પ્રાપ્ત થયો. એ સંદેશ લોકો સુધી પહોંચાડવા તેમણે અનેક કષ્ટો, યાત્નાઓ અને અપમાનો સહન કર્યા. પણ ખુદાએ આપેલ આદેશને તેઓ વળગી રહયા. ધીમે ધીમે અરબસ્તાનના લોકોમાં તેમનો વિશ્વાસ વધતો ગયો. લોકો તેમની વાતને ગંભીરતાથી સાંભળવા લાગ્યા. અને ત્યારે પણ પોતાની વાત નમ્રતા અને શાંતિથી જ લોકો સમક્ષ તેઓ મૂકતા.

એક વખત હજરત મહંમદ પયગમ્બર(સ.અ.વ.)ને તેમના એક અનુયાયીએ પૂછયું, મારા સારા ઉછેર અને સંસ્કાર માટે કોને જવાબદાર ગણી શકાય ?

મહંમદ સાહેબ(સ.અ.વ.)એ કહયું, તારી માતાને.

એ વ્યકિતએ પૂછયું, માતા પછી કોણ ?

તારી માતા. ફરી એ જ જવાબ મળ્યો.

એ પછી કોણ ?

મહંમદ સાહેબે(સ.અ.વ.)ફરમાવ્યું, એ પછી તારા પિતા.

મહંમદ સાહેબ(સ.અ.વ.)ને અવારનવાર સોનું-ચાંદી અને કિંમતી ચીજ-વસ્તઓની ભેટો મળતી રહેતી પણ પોતાની કુટિરમાં તે વસ્તુઓ એક રાત પણ તેઓ રાખતા નહીં. વસ્તુઓ જેવી આવે કે તરત જરૂરતમંદોમાં તકસીમ(વહેંચણી)કરી દેતા. એક રાત્રે તેમને બેચેની જેવું લાગવા માંડયું. કંઈ ચેન ન પડે. અંતે તેમણે પત્નિ આયશાને પૂછયું, આપણી છત નીચે પૈસા કે કંઈ સોનું-ચાંદી નથી ને? આયશાને યાદ આવી જતાં બોલી ઉઠયા, અબ્બા(અબુબક્ર) ગરીબો માટે થોડા પૈસા આપી ગયા છે તે પડયા છે.

રસૂલે પાક(સ.અ.વ.)એ ફરમાવ્યું, અત્યારે ને અત્યારે એ પૈસા હાજતમંદોમાં વહેંચાવી દે. તને ખબર નથી, પ્રેષિતોની છત નીચે ધન ન હોય. મુસાફરીમાં એક વાર સાથીઓ સાથે પગપાળા જઈ રહયા હતા. ભોજનનો સમય થતા કાફલો એક જગ્યાએ રોકાયો. રાંધવા માટે સૌએ કામની વહેંચણી કરી લીધી. પયગમ્બર સાહેબે(સ.અ.વ.)બળતણ ભેગું કરવાનું માથે લીધું. સાથીઓએ કહયું, આપ એ તકલીફ ન લો. એ કામ અમે કરી લઈશું. મહંમદ સાહેબ(સ.અ.વ.બોલ્યા, પણ હું મારી જાતને તમારા કરતાં ઉંચી રાખવા નથી માગતો. જે પોતાને પોતાના સાથીઓ કરતાં ઉચ્ચ ગણે છે તેને ખુદા નથી ચાહતા. ■

## • કયામતથી જન્નત સુધી....

▪ દીપક બારડોલીકર

*આજે દીપકભાઈ હયાત નથી પરંતુ જતાં જતાં મને બે પુસ્તકો/ કિતાબો અન્ય મારફતે આપી ગયા. આમાં પહેલા પુસ્તક વિષે વ.સ.માં આપ્યું હતું. હવે બીજા પુસ્તકની વિગતો/બાબતો વાંચવા, વિચારવા, સમજવા જેવી છે. આમ પણ દીપકભાઈ અભ્યાસુ હતા. એમનું લખાણ વાંચતા આનંદ થશે એવી ઉમ્મીદ સાથે..(તંત્રી વ.સ.)*

કયામત પ્રસંગે થનારા એક અતિ ભયાનક અવાજ યા ફૂંકાનારા 'સૂર'નું વર્ણન, કુરઆને કરીમ તથા અહાદીસે નબવી(સ.અ.વ.)માં વિસ્તારથી કરાયેલું જોવા મળે છે. 'સૂર' શબ્દ ગુજરાતી ભાષામાં છે એમ અરબીમાં પણ છે અને એથો અર્થ નફીરી, બ્યૂગલ યા રણશિંગુ થાય છે. ગુજરાતીમાં એનો અર્થ અવાજ થાય છે.

મતલબ કે 'સૂર' એ બ્યૂગલ પ્રકારનું ફૂંકવાનું એક સાધન છે. અને કયામતની ઘડીએ તે ફૂંકવામાં આવશે. પણ કોણ ફૂંકશે અને અત્યારે એ કયાં છે ? આ સવાલનો જવાબ સૈચિદિના અબૂ હુરચરહ(રદિ.) અને અબ્દુલ્લાહ ઈબ્ન ઉમર રદિ.)નો હવાલો ધરાવતી એક હદીસે નબવી (સ.અ.વ.)માંથી આ રીતે મળે છે કે એ એક વિરાટ બ્યૂગલ છે, ધરતીના સર્જન સાથે એનું સર્જન કરાયું હતું અને ફિરસ્તા ઈસરાફીલને સોંપાયું હતું, જે અત્યારે બીજા આકાશમાં તેમની પાસે છે.

આ સૂર, અલ્લાહના આદેશથી, કુલ ત્રણ વાર ફૂંકવામાં આવશે. પહેલો ફૂંફવાટો કયામતની ઘડીએ નકકી થશે. એ હશે સૃષ્ટિને થરથરાવનારો, ભયભીત કરનારો પ્રચંડ સ્ફોટ. આ સ્ફોટ સમગ્ર વિશ્વને પોતાની લપેટમાં લેશે. ધરતી અને આકાશોમાંનું સર્વ કંઈ અસ્તવ્યસ્ત થઈ જશે. આકાશ ચિરાશે, ધરતીના કટકાબટકા થશે.

અને ત્યાર પછી બીજા બે ફૂંફવાટા થશે. બીજો ફૂંફવાટો મૃત્યુ ફૂંફવાટો અને ત્રીજો પુનર્જન્મ ફૂંફવાટો હશે.

આપણે ઉપર જોયું એમ 'સૂર'નો પહેલો ફૂંફવાટો એટલો ભયાનક રહેશે કે સમગ્ર સૃષ્ટિ થરથરી જશે. એક મહાભૂકંપ સર્જાશે ને ધરતી તથા આકાશમાંનું સર્વ કંઈ અસ્તવ્યસ્ત થઈ જશે. પણ એ વિશ્વનો અંત કે નાશ નહીં હોય. વિનાશ બીજો ફૂંફવાટો સર્જાવશે. એ વખતે તમામ પ્રાણધારીઓનું મૃત્યુ થઈ જશે અને સૂર્ય તથા ચંદ્રમાનેય લપેટી લેવામાં આવશે. કુરઆને કરીમમાં એ વિશે ઈર્શાદે ઈલાહી છે કે :

'તે (માણસ)પૂછે છે, કયામતનો દિવસ કયારે આવશે ? તો આંખો જયારે નિષ્ફળ થઈ જાય અને ચંદ્રમા તિમિરગ્રસ્ત થઈ જાય. અને સૂર્ય તથા ચંદ્રમાને એક સાથે સાંકળી દેવામાં આવે તે દિવસે માણસ કહેશેઃ 'કયાં ભાગી જાઉં' ? અફસોસ, આશ્રય કયાંય નથી'...એ દિવસે આશ્રય માત્ર તારા રબ પાસે હશે.'(૭૫ઃ૬-૧૨)

આ એક એવો દિવસ હશે જયારે પહાડોનેય પછાડી ધૂળ કરી દેવાશે. પીંજેલા ઉન માફક ઉડવા લાગશે. આકાશ ચિરાશે અને તેની કોરેમોરે ફિરસ્તા ઉતરી આવશે. દરિયા વેગથી આગળ ધસી આવશે અને સિતારા પણ વેરવિખેર થઈ જશે. પણ આમ કયારે થશે, કયામતની મહાઘટના કયારે સર્જાશે એ કોઈ જાણતું નથી, સિવાય કે અલ્લાહ તઆલા. કુરઆને શરીફમાં આ સંદર્ભે ઈર્શાદે ઈલાહી છે કેઃ

'નિઃશંક, અંતિમ ઘડીનું જ્ઞાન એક માત્ર અલ્લાહને છે...' (સુરહ લુકમાનઃ૩૧-૩૪)

**▪ નિશાનીઓ :**

કયામતની ચોકકસ ઘડી વિશે અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈ જાણતું નથી. અલબત્ત કયામતનું આગમન નજીકાયું હોવાનું દર્શાવતા કેટલાક સંકેતો, અહાદીસે નબવી (સ.અ.વ.)માં જરૂર નોંધાયા છે, જે આ પ્રમાણે છેઃ

કયામત કરીબ હશે ત્યારે પુષ્કળ વરસાદ થશે, આકાશમાંથી ધૂમાડો ફેલાશે, આભ ઉંચી ઈમારતો બંધાશે, અયોગ્ય લોકો સત્તા સંભાળશે, સમય બહુ ઝડપથી પસાર થશે, દુનિયા બૂરા બાપના બૂરા બેટા જેવી થઈ જશે, દગાબાજી સામાન્ય થઈ જશે, પુરુષે ઓછા અને સ્ત્રીઓની સંખ્યા વધી જશે, જ્ઞાન ઘટશે અને ઘોંઘાટ વધશે, જમીનમાંથી એક વિચિત્ર જાનવર નીકળશે, યાજૂજ અને માજૂજ છૂટશે, દજજાલ નીકળશે, હઝરત ઈસા (અલૈ.)આકાશથી ઉતરશે, સૂર્યોદય પશ્ચિમમાં થશે, પ્રચંડ આગ ફેલાશે વગેર.

**▪ દુરાચારીઓ પરઃ**

ગમે એમ પણ, આ ધરતી પર પ્રામાણિક, નેક, સદાચારી ઈન્સાનો હશે ત્યાં સુધી કયામત સર્જાવાની શકયતા નથી. એ દુરાચારી, શ્રધ્ધાહીનો પર ઉતરશે. અલ્લાહનું નામ લેનાર કોઈ ન રહે ત્યારે સર્જાશે.

ઈબ્ને કસીરે નોંધ્યા પ્રમાણે ઈબ્ને અબી દુનિયાએ નોંધ્યું છે કે અતા ઈબ્ને યઝીદ અસ-સકસકી વર્ણવે છે કે 'કયામત બૂરા દૂરાચારીઓ પર સર્જાશે. તેઓ ત્યાં (વિશ્વમાં) હશે ત્યારે અલ્લાહ તઆલા મહાભૂકંપ સર્જાવશે, જે તેમના પગોને, તેમના ઘરોને ઉખેડી નાંખશે. માણસો, જિન્નાતો, શેતાનો ભાગી છૂટવાનો રસ્તો શોધશે. તેઓ પશ્ચિમમાં જશે, પણ જોશે કે ત્યાં સીમા બંધ છે અને ચોકિયાતો(ફિરસ્તા)ઉભા

છે તેઓ ત્યાંથી પાછા ફરશે. ત્યારે કયામત તેમના પર ઉતરી આવશે. એ સમયે તેઓ એક પોકારનારને સાંભળશે, જે કહી રહયો હશે, 'ઓ લોકો, અલ્લાહનો હુકમ આવી પહોંચ્યો છે. એના માટે ઉતાવળ ના કરો.' અને સૂરનો ફુંફવાટો ગાજશે. અને ધરતી તથા આકાશોમાં જે કોઈ હશે તે મરણ પામશે. સિવાય કે અલ્લાહ જેને બચાવે.' (ઈબ્ને હજર-અલ ફિતન. સુયૂતી-અદદુર્રુલ-મન્સુર.હદીશનો અંશ)

**જમીન ફાટશે, આકાશ ચિરાશે :**

અબુ બકર ઈબ્ને અબુ દુનિયાએ તેમના ગ્રંથ 'અહવાલે-ચવમુલ-કિયામહ'માં ઉબૈ ઈબ્ને કઅબ (રદિ.)ના હવાલાથી નોંધ્યું છે કે 'કયામતની છ નિશાની છે. લોકો બજારોમાં તેમના કારોબારોમાં પરોવાયેલા હશે ત્યાં અચાનક સૂર્યનો ઉદશ અલોપ થઈ જશે. પર્વતો પટકાઈ જશે જેથી ભારે થરથરાટ, ગભરાટ મચશે. માણસો તથા જિન્નાત સૌ ડરી જશે. પશુ-પક્ષીઓ ગભરાઈ જશે, ભાગશે, ભટકાશે. જિન્નાત માણસોને કહેશે-અમે તમારા માટે સારા સમાચાર લાવ્યા છીએ. અમારી સાથે દરિયા કાંઠે ચાલો. તે ભડકતી આગ માફક બળી રહયા છે. તેઓ આવી આ મૂંઝવણમાં હશે ત્યાં જમીન નીચે સાતમા પડ સુધી ફાટી જશે અને આકાશ સાતમા આકાશ સુધી ચિરાઈ જશે. અને એ દરમિયાન ચાલનારી હવાના કારણે સૌ મરણ પામશે.'

તેમણે ઉકબા ઈબ્ને આમીર (રદિ.)ના હવાલાથી આમ પણ નોંધ્યું છે કે અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ કહયું, 'ઢાલ જેવાં કાળાં વાદળો પશ્ચિમમાંથી તમારા ઉપર છવાશે, તે ત્યાં સુધી કે તમને લપેટી લેશે. અને ત્યારે એક પોકારનાર કહેશે, 'ઓ લોકો, અલ્લાહનો હુકમ આવી પહોંચ્યો છે.'(મુસતદરક હાકિમ, સુયુતી-અદ દુર્રુલ-મન્સુર, કન્ઝુલ ઉમ્માલ)

**▪ સવર્જ્ઞ સર્વકાલીન :**

સૂરના ત્રણ ફૂંફવાટા વિશે આપણે આગળ જોઈ ગયા છીએ, એના બીજા અને ત્રીજા ફૂંફવાટા વિશે કલામે-પાકમાં ઈર્શાદે ઈલાહી છે કે:

'અને સૂર ફૂંકાશે તો તે સૌ, જે આકાશો અને તે સૌ જે જમીન ઉપર છે, મૂર્છિત થઈ જશે, સિવાય કે તે જેને અલ્લાહ બચાવે. ત્યાર પછી તે(સૂર) ફરી ફૂંકાશે અને તેઓ (મૃતકો)ઉભા થઈ જશે ને આમતેમ જોવા લાગશે.'(૩૯:૬૮)

મતલબ કે સૂર પર ગાજનારો બીજો ફૂંફવાટો, સૃષ્ટિના અંતનો, વિલયનો ફૂંફવાટો હશે. અને ત્યાર પછી કોઈ પ્રાણધારી કે જડ મખલૂકનું અસ્તિત્વ રહેશે નહીં. અને રહેશે એક માત્ર અલ્લાહ તઆલા, સર્વશકિતમાન, સર્વજ્ઞ, સર્વકાલીન.

અલ્લાહના પવિત્ર કલામમાં કયામતનું આબેહૂબ ચિત્રાંકન પણ કરાયું છે. મુહારીબ ઈબ્ને દિસારે રહયું છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર(રદિ.)એ અલ્લાહના રસૂલ સ.અ.વ.ને આમ ફરમાવતા સાંભળ્યા છે કે: 'જે લોકો અંતિમ ઘડીને(કયામતને)પોતાની આંખ સામેના ચિત્ર માફક જોવા ઈચ્છતા હોય તેમણે કુરઆનની આ સુરતો (૧) ઈઝશશમ્સુ કુવ્વિરત (૨) ઈઝસ્સમા ઉન ફતરત અને (૩) ઈઝસ્સમાઉન શકકત પઢવી જોઈએ.'(તિરમીઝી, મુસનદ અહમદ)

આ ત્રણે સૂરતો-અત-તકવીર, ઈન્ફિતાર અને ઈન્શિકાક પારહ અમ્મમાં આવેલી છે.

**નવું આકાશ, નવી ધરતી :**

ઈબ્ને કસીરે નોંધ્યા પ્રમાણે સૂર વિશેની હદીસમાં કહેવાયું છે કે સૂરનો મરણ ફૂંફવાટો એટલે કે બીજો ફૂંફવાટો ગાજશે ત્યાર પછી સૌ પ્રાણધારી માનવી-પ્રાણી વગેરે મરણ પામશે, ફિરશ્તા પણ. અને હર હંમેશ જીવંત રહેનાર એક માત્ર અલ્લાહ બાકી રહેશે. આ બે ફૂંફવાટા દરમિયાન તે આકાશો તથા પૃથ્વીને બદલી નાંખશે. અને ત્યાર પછી પાણીને વરસવાનો હુકમ કરશે. અને એ દ્વારા કબરોમાં દેહોનું પુર્નસર્જન કરશે અને ત્યાર પછી ઈસરાફીલ, જિબ્રાઈલ, મીકાઈલ ફિરસ્તાઓને જીવિત કરવામાં આવશે. હવે અલ્લાહ સર્વ પ્રાણીઓને, આત્માઓને બોલાવશે. ઈમાનદારોના પ્રાણ ચળકતા હશે જયારે અન્યોના પ્રાણો કાળા હશે. તે તેમને સૌને સૂરના ભૂંગળામાં નાંખશે અને ઈસરાફીલને પુર્નજીવનનો ફૂંફવાટો ફૂંકવા હુકમ કરશે. અને ત્યાર પછી પુર્નજીવનની પ્રક્રિયા શરૂ થશે.

**કલામે પાકમાં:**

કલામે પાકમાં પુર્નજીવન વિશે અનેક આયતો છે જેવી કે: 'એ(માટી)માંથી અમે તમારું સર્જન કર્યું છે. અને એની અંદર અમે તમને પરત કરીશું. અને અમે તમને એમાંથી બીજી વખત બહાર કાઢીશું.'(સુ.૨૦:આ.૫૫)

તેણે (અલ્લાહ તઆલાએ) કહયું: 'એની અંદર તમે રહેશો અને એની અંદર તમે મૃત્યુ પામશો. અને ત્યાંથી તમને(પુન:)બહાર કાઢવામાં આવશે.'(૭:૨૫)

હદીસે નબવી(સ.અ.વ.)માં દર્શાવાયું છે કે: 'ફિરસ્તા ઈસરાફીલ અલ્લાહના હુકમથી પુર્નજીવન ફૂંફવાટો ફૂંકશે અને દરેક આત્મા તેના દેહમાં પાછો ફરશે. અને તેઓ સૌ સૃષ્ટિના માલિક સમક્ષ ઉભા થઈ જશે.'(તબરાની-તફસીર. હદીશનો અંશ)

**▪ સંદર્ભ ગ્રંથો: (૧) બિફોર એનડ આફટર ધ લાસ્ટ અવર : ઈબ્ન કસીર અદ-દમિશ્કી (ટ્રાન્સલેશન:રફીક અબ્દુર્રહેમાન) (૨) ધ હોલી કુરઆન(ટ્રાન્સલેશન એન્ડ કોમેન્ટ્રી :અબ્દુલ્લાહ યુસુફઅલી) (સૌ.મૂસાજી દીપક બારડોલીકર-કયામતથી જન્નત સુધી)**

## ... અધુરપ ક્યાં છે ?..

વિશ્વમાં કુલ ૫૭ મુસ્લીમ દેશો છે.અને વિશ્વમાં લગભગ ૧.૮૫ અબજ કરતાં વધુ લોકો મુસ્લીમ છે. અને દુનિયાનાં લગભગ દરેક દેશોમાં મુસ્લીમો વસવાટ કરે છે. યુરોપમાં લગભગ અઢી કરોડની વસ્તી મુસ્લીમ છે. અમેરીકા અને કેનેડામાં પણ અધળક વસ્તી મુસ્લીમોની છે.

સહાબા (રદી.) ની કુલ વસ્તી આખરી હજનાં મોકા પર એકલાખ ચોવીસ હજાર હતી. સહાબા (રદી.) તાદાતમાં થોડાં હતાં પણ આખા વિશ્વમાં કામયાબ હતાં. આપણે તાદાતમાં ખુબ છીએ પણ આખી દુનિયામાં નાકામ છીએ. આનું કારણ શું છે કોઇ જાણો છો ? ઇમાનની કમઝોરી અને આમાલ નો બગાડ. આ આપણી પડતીનું દીની કારણ છે. અને દુનિયવી રીતે પણ આપણે બીજી તેહઝીબો કરતાં તો ઘણાં પાછળ છે ને એનું કારણ આપણા મુસ્લીમ સમાજમાં શિક્ષણનો અભાવ છે. આપણા સમાજમાં બાળકોમાં શિક્ષણ પરત્વે લગભગ નીરસતાં જ છે, પણ દુ:ખની બાબત એ છે કે હવે વાલીઓમાં પણ શિક્ષણ પ્રત્યેનો રસ ઓછો થતો જાય છે.

વિશ્વમાં યહુદીઓની કુલ વસ્તી એક કરોડ ચાલીસ લાખ છે.ને વિશ્વમાં એમનો એકમાત્ર દેશ ઇઝરાઇલ છે. આ ઉપરાંત થોડા ઘણાં યહુદીઓ કેનેડા અને અમેરીકામાં પણ વસે છે. જો આપણે મુસ્લીમો સાથે યહુદીઓનો અનુપાત માંડીએ તો અને સરખામણી કરીએ તો યહુદીઓમાં તેની કુલ વસ્તીને આધારે લગભગ ૯૦ ટકા લોકો ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરે છે, જયારે મુસ્લીમોમાં ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરનારાં લગભગ બે(૨) ટકા છે. અને આ બે (૨)ટકા ઉચ્ચ અભ્યાસ કરનારામાંથી પણ સમાજને ફાયદો પહોંચાડનારા લગભગ એક ટકો જ છે. બાકીના ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરનારાં ક્યાં ખોવાઇ જાય છે તે સમજણ જ નથી પડતી.

યહુદીઓ અને ખ્રિસ્તીઓ ધાર્મિક વિચારધારા અનુસાર એકબીજાના દુશ્મન છે, પણ બૌધ્ધિક રીતે આજે બંનેએ મિત્રતાનાં હાથ મીલાવ્યાં છે. એમણે પોતાની વચ્ચેનાં વાંધાઓ પ્રત્યે સમજૂતી કેળવી લીધી અને મિત્રતા સ્થાપી. આ સમજોતાનોે એમને શું લાભ થયો જાણો છો ? આજે દુનિયાની ટોપ ૧૦૦ યુનિવર્સિટીઓ પર યહુદીઓનું વર્ચસ્વ છે અને તે મહાશાળાઓ અંગ્રેજી માધ્યમથી ચાલે છે.અને આ ટોપ ૧૦૦ યુનિવર્સિટીઓમાં વિશ્વનાં વિવિધ સમુદાયોનાં લોકો અભ્યાસાર્થે આવે છે. જયાં તેમને અંગ્રેજી ભાષામાં શિક્ષણની સાથોસાથ યહુદીયત અને ક્રીશ્ચાલીટી શીખવવામાં આવે છે. અને આ રીતે યહુદી અને ખ્રિસ્તી ધર્મના પ્રચાર પ્રસારની કામગીરી થઈ રહી છે ને આપણે એમનાં જ મોબાઇલરૂપી ષડયંત્રનો શીકાર છીએ.

આજે અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે પ્રસ્થાપિત થઇ ચૂકી છે અને એનું સંપૂર્ણ સંચાલન યહુદીઓ કરે છે.અને આપણે મુસ્લિમો એક બીજાની ટોપી જોઇ સલામ કરવામાં, સુન્ની વહાબીનાં વમળમાં, લેંઘાની લંબાઇ અને પોતાના જ ભાઇનું પેહરણ ચકાસવામાં પડયા છે. દજ્જાલી ફિત્નાની વાતો તો ખુબ થાય છે પણ તે માટેનાં આમાલોની તૈયારી કરવાની સમજ નથી કેળવાતી. અને આપણે જાહેરમાં બીજાની નિંદા કરતાં થાકતાં નથી જે ઇસ્લામી તાલીમ છે જ નહીં. અને આપણા સમાજનાં જવાનો ફેસબુક અને મેકડોનાલ્ડઝનાં પીઝા , બર્ગર અને ઠંડાપીણાઓ થકી યહુદીઓને અબજોની કમાણી કરાવી આપે છે. અને એનું આરોગન કરવામાં પોતાની શાન સમજે છે.

આજે સમગ્ર વિશ્વમાં યહુદી વિચારધારા અનુસાર કામગીરી કરવામાં આવી રહી છે, અને યહુદીઓ પોતાની વિચારધારા પ્રસ્થાપિત કરી જ ચુક્યા છે અને તેઓ સફળ રહયા છે એનું કારણ યહુદીઓ પોતાની વાતોને પોતાના જ પ્લાનીંગને આધારે અનુસરે છે અને પોતાના પ્લાનીંગના રહસ્યોની કોઇને જાણ શુધ્ધા થવા દેતા નથી. જયારે આપણે ૭૨ ફીરકાઓમાં વહેચાઇ જઇને એકબીજા ઉપર કુફ્રના ફતવા લગાવવામાં વ્યસ્ત છે, ને સોસીયલ મિડિયા પર બેફામ રીતે વાર્તાલાપ અને કોમેન્ટ્સ કરીને નિરર્થક દુશ્મની વ્હોરી લે છે. વ્યકિત કોઇ પણ વાત પોતાના ઉસુલોને આધારે કરવા માટે ટેવાયેલો છે. અને નીતિ નિયમોની સાતત્યતા એ સાચી કેળવણીથી પ્રાપ્ત થાય છે. અને આપણો સમાજ કેળવણીથી (શિક્ષણથી) ખૂબ દૂર છે. તેથી આટલું કરો...

(૧) આપણા બાળકોને યોગ્ય તાલીમ મળી રહે તે માટેની યોગ્ય વ્યવસ્થા કરો.

(૨) તરબીયત માટે ઇલ્મો અદબની તાલીમ આપો.

(૩) શરીઅત સુન્નતની એહમીયત સમજાવો.

(૪) નબી (સ.અ.વ.) ના જીવનમાંથી તે બોધપાઠ લે તેવી વ્યવસ્થા કરી અખ્લાક શીખવો.

(૫) બાળક બીજા કોઇની ઓટોબાયો ગ્રાફી વાંચે એના કરતાં સહાબા (રદી.) નાં જીવન ચરીત્રો પઢે તે માટેની કિતાબો લાવી આપો.

(૬)દિન સાથે તેની દુનિયાની પણ ફિક્ર કરો. ૧૦ અને ૧૨ ધોરણ બસ નથી. સમાજને ખુબ સારા ડોકટર્સ, વકીલ, ઇજનેર અને ખાસ કરીને આઇ. એ.એસ., આઇ.પી.એસ. અધિકારીઓની પણ તાતી જરૂર છે. તેથી બાળકોને ખુબ ભણાવો અને જો તૌફીક મળે તો બીજા બાળકોને ભણાવવાની જવાબદારી પણ લો. ■

■ (રજૂકર્તા - પટેલ મ.સાલેહ. - નૂર લિંડિયાતવી.)

ફૂલકી પત્તીસે **ત્યાં લગી હું જીવું છું!**

**ગઝલ** ▪ મસ્ત મંગેરા

કંટકોની છાયામાં, જીવતી બહારો છે-
ત્યાં લગી હું જીવું છું!
ઘોર કાળી રાતોમાં, સુપ્ત ખુદ સવાર છે-
ત્યાં લગી હું જીવું છું!

***

સેકડો નિરાશાને, હું છુપાવી દેવાનો-
ફકત એક આશામાં,
આસ્થાની નૌકા છે, દષ્ટિમાં કિનારો છે,
ત્યાં લગી હું જીવું છું!

***

બેઉએ ધરી લીધાં-ભિન્ન ભિન્ન રૂપોને,
ના રહી ઉણપ બાકી;
પ્રેમનો સહારો છે, બુધ્ધિનો ઇશારો છે,
ત્યાં લગી હું જીવું છું!

***

રાહથી હટી ગઇ છે કે રાહમાં મળી ગઇ છે,
આખરે એ મંઝિલ પણ;
તો ય ના હતાશા છે, સાથ એક તારો છે,
ત્યાં લગી હું જીવું છું!

***

આપની દયા એ તો, વાસ્તવમાં અવગણના,
છે દશા વિકટ મારી;
પુષ્પના એ સ્વાંગોમાં કાળના પ્રહારો છે,
ત્યાં લગી હું જીવું છું!

***

સુખ બધાં તજી બેઠાં- 'મસ્ત' રાસ ના આવી,
અલ્પ મારી મહેલાતો,
ગર્વનો વિષય છે એ, દર્દનો સહારો છે,
ત્યાં લગી હું જીવું છું!

***

• પુસ્તક-અવલોકન
**મુસ્લિમ સમાજના વ્યકિત ચિત્રોનું આદર્શ પુસ્તક**
**અવલોકનકર્તા : પ્રો.ડો. હસન લુણત '**

પુસ્તકનું નામ : Lest we Forget (રખેને, ભૂલીએ...)
સંપાદક : અહમદ ગુલ
પ્રકાશક : ગુજરાતી રાઈટર્સ ફોરમ, ૨૭-જેમ્સ સ્ટ્રીટ, બાટલી, Wf17 7PS, યુ.કે.
પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૨૦૧૯ (કિંમત જણાવેલ નથી)

અહમદ ગુલ ગુજરાતી સાહિત્યના સારા કવિ અને લેખક છે. વિશેષ કરીને ગુજરાતી ગઝલ-સાહિત્યમાં એમનું નોંધનીય પ્રદાન છે. એઓ સાહિત્યની સાથે સમાજમસેવાના કાર્યો પણ કરતા રહે છે. એમની વિશિષ્ટ પ્રતિભાની કદરરૂપે બ્રિટનના મહારાણી તરફથી એમને OBE નો ખિતાબ મળ્યો છે.

Lest we Forget, રખેને ભૂલીએ...એ ગુલ સાહેબનું વ્યકિતચિત્રોનું પુસ્તક છે. ઈંગ્લેન્ડના વેસ્ટ યોર્કશાયરના બાટલી નામના શહેરમાં ઈન્ડિયન મુસ્લિમ વેલ્ફેર સોસાયટી નામની સંસ્થા છે. આ સંસ્થા ઈ.સ.૧૯૭૭થી કાર્યરત છે. લેખક આ સંસ્થા સાથે ઘનિષ્ઠતાથી સંકળાયેલા છે. આ સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખો, ઉપ પ્રમુખો, સેક્રેટરીઓ, જોઈન્ટ સેકેટરીઓ, ખજાનચીઓ, કારોબારી સભ્યો વગેરે સાથે એમણે વર્ષો સુધી સામાજિક અને સંસ્થાકીય કાર્યો કર્યા હતા. આ બધી વ્યકિતઓના એઓ સીધા સંપર્કમાં આવ્યા હતા. એ વ્યકિતઓની કાર્યપધ્ધતિઓ અને વાણી-વર્તન– વ્યવહાર આદિથી એઓ સુપરિચિત હતા. આથી એ વ્યકિતઓના સાચકલાં વ્યકિતચિત્રો (રેખાચિત્રો) એઓ લખી શકયા છે જે આ પુસ્તક દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

અહમદભાઈએ લગભગ બધાં રેખાચિત્રો બે પૃષ્ઠમાં લખ્યા છે. એમાં જે તે વ્યકિતના મહત્વના પ્રદાન સાથે તેમના સ્વભાવની મુખ્ય વિશેષતાઓ આલેખી બતાવી છે. આ વ્યકિતઓએ અન્ય સંસ્થાઓમાં કામ કર્યું હોય તો તેની પણ અહીં નોંધ લેવામાં આવી છે. લેખક કયાંય નિરર્થક લંબાણમાં પડયા નથી, બિનજરૂરી વાતો કરી નથી. કોઈ વ્યકિતની વાત વધુ લંબાણપૂર્વક થઈ હોય અને કોઈની ટૂંકાવી દેવામાં આવી હોય એવું જણાતું નથી. તટસ્થભાવે અને સંતુલન જાળવીને આ રેખાચિત્રોનું લેખન થયાનું પ્રતીત થાય છે આથી એ રસપ્રદ બન્યાં છે.

આ પુસ્તક દ્વિભાષી છે, બે ભાષામાં-બે ભાગમાં લખાયેલું છે. અહમદ ગુલે એ ગુજરાતીમાં લખ્યું છે. પરંતુ પુસ્તકમાં અંગ્રેજી વિભાગને આગળ સ્થાન આપ્યું છે. અંગ્રેજી અનુવાદ ઈમ્તિયાઝ પટેલ વરેડિયાવાલા, મૌલાના અબુબકર દિવાન અને આદમ ઘોડીવાલાએ કર્યો છે. યુ.કે.માં વસતી ગુજરાતી મુસ્લિમોની નવી પેઢીને એમના પૂર્વજો વિશે, તેમણે કરેલી કોમની સેવા વિશે સાચી અને પર્યાપ્ત જાણકારી મળી રહે અને તેમાંથી નવી પેઢીને પ્રેરણા મળે એવા ઉમદા આશયથી માહિતીનું એકત્રીકરણ કરી આ રેખાચિત્રો સરળ શૈલીમાં લખાયેલાં છે. લેખકે કવરપેજ પર સંપાદક શબ્દ વાપર્યો છે. પરંતુ આ સંપાદન નથી. લેખકે દરેક વ્યકિત વિશેની માહિતી શ્રમપૂર્વક એકત્ર કરી નિજી શૈલીમાં લખેલું સ્વતંત્ર પુસ્તક છે.

કુલ ૧૩૬ પૃષ્ઠના આ પુસ્તકમાં આપણને અંગ્રેજી અને ગુજરાતીમાં ૩૦ વ્યકિતના વ્યકિતચિત્રો કે રેખાચિત્રો વાંચવા મળે છે. વિદેશમાં વસતા ગુજરાતી મુસ્લિમોની પ્રવૃત્તિઓ અને પ્રગતિ વિશે એમાંથી પ્રમાણભૂત માહિતી મળી રહે છે. આથી પુસ્તકનું દસ્તાવેજી મૂલ્ય ઘણું આંકી શકાય. અહમદ ગુલે જૈફ વયે પણ લેખન અને પ્રકાશનનું કાર્ય જારી રાખ્યું છેએ ગર્વ, આનંદ અને પ્રેરણાની વાત છે. એમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા.

## • વંચિતોના વાણોતર

(નોબલ પારિતોષિક વિજેતા મોહંમદ યુનુસની આત્મકથામાંથી)

હું કોઈક સીધી રીતે ગરીબ કુટુંબોને મદદ કરી શકું એમ છું કે નહીં તે જોવા માટે જોબરામાં ગરીબ કુટુંબોની મુલાકાત લેવાનું મેં શરૂ કર્યું. મારા સાથીદાર પ્રો.લતીફી લગભગ હંમેશા મારી સાથે આવતા હતા. તેઓ મોટાભાગના કુટુંબોને જાણતા હતા અને ગામડાના લોકો તેમની સાથે સહજતાથી વર્તે એવી કુદરતી બક્ષિસ ધરાવતા હતા.

ગામમાં ત્રણ વિભાગ હતાઃ મુસ્લિમ, હિન્દુ અને બૌદ્ધ. અમે જયારે બૌદ્ધ વિભાગની મુલાકાત લીધી ત્યારે અમે અમારી સાથે અમારા એક વિદ્યાર્થી દીપલચંદ્ર બરૂઆને લઈ જતા હતા. તે જોબરાના એક ગરીબ બૌદ્ધ કુટુંબમાંથી આવતો હતો અને હંમેશા કોઈ પણ કામ માટે તે તૈયાર રહેતો હતો.

એક દિવસ હું અને લતીફી જોબરામાં આંટો મારી રહયા હતા ત્યારે અમે સાવ ધોવાઈ ગયેલા એક ઘર પાસે રોકાઈ ગયા. અમે એક સ્ત્રીને વાંસમાંથી એક નાનકડું સ્ટૂલ બનાવતાં જોઈ. અમને એ પારખવામાં તકલીફ ના પડી કે તેનું કુટુંબ માંડ માંડ બે છેડા ભેગા કરતું હશે.

મેં લતીફીને કહયું, 'હું એની સાથે વાત કરવા માંગુ છું.'

તેઓ મને ગંધાતી મરઘીઓ અને નીચે છોડવાઓની વચ્ચે રસ્તો કરીને લઈ ગયા. લતીફીએ એકદમ નરમ અવાજે પૂછયું,'છે કોઈ ઘરમાં ?'

તે તેના ઘરના ચીંથરેહાલ છપ્પરની નીચે વરંડાની ગંદીગોબરી ફરસ પર પોતાના કામમાં એકદમ મગ્ન બેઠી હતી. તેનાં બે ઢિંચણોની વચ્ચે અડધું તૈયાર થયેલું સ્ટૂલ પકડાયેલું હતું અને વાંસની સળીના ટુકડા તેમાં ગોઠવવામાં આવી રહયા હતા.

લતીફીનો અવાજ સાંભળીને તેણે તરત જ પોતાનું કામ પડતું મૂકયું, અચાનક ઉભી થઈ અને ઘરની અંદર જતી રહી.

'ગભરાશો નહીં,' લતીફીએ કહયું. 'અમે અજાણ્યા નથી. અમે બંને યુનિવર્સિટીમાં ભણાવીએ છીએ. અમે પાડોશીઓ છીએ. અમે થોડા પ્રશ્નો પૂછવા માગીએ છીએ, બસ એટલું જ.'

લતીફીની રીત અને હૂંફની ખાતરી થવાથી તેણે એકદમ ધીમા અવાજે કહયું, 'ઘરમાં કોઈ નથી.'

તેનો કહેવાનો અર્થ એ હતો કે ઘરમાં કોઈ પુરૂષ નથી. બાંગ્લાદેશમાં સ્ત્રીઓ બહુ નજીકનાં સગાંઓ સિવાયના પુરૂષો સાથે મોટે ભાગે વાત કરતી નથી.

ઘરના ચોગાનમાં બાળકો નાગાં ફરી રહયા હતા. પડોશીઓ ભેગા થયા અને અમને જોવા માંડયા. અમે શું કરી રહયા છીએ તે જાણવાનું તેમની આંખમાં કુતૂહલ હતું.

ગામના મુસ્લિમ વિભાગમાં ઘણી વાર અમારે સ્ત્રીઓ સાથે વાંસની ભીંતની પેલે પાર રહીને વાતચીત કરવી પડતી હતી. મુસ્લિમોનો પડદાનો રિવાજ ચિત્તાગોંગ જિલ્લામાં ખૂબ સખત રીતે પાળવામાં આવતો હતો. ત્યાં પરણિત સ્ત્રીઓ બહારના જગતથી તદ્દન અલિપ્ત થઈને રહેતી હોય છે. તેથી જ ઘણી વાર હું કોઈક સ્ત્રી વિદ્યાર્થી કે સ્થાનિક છોકરીને વાતચીત કરવા માટે સાથે રાખતો હતો.

હું ચિત્તાગોંગનો વતની હોવાથી અને સ્થાનિક બોલી બોલતો હોવાથી બહારના કરતાં આસાનીથી વિશ્વાસ મેળવવાનું મારશે માટે શકય હતું. પરંતુ બહારની વ્યકિત માટે હજુ પણ એ અશકય હતું. હું બાળકોને પ્રેમ કરતો અને બાળક માટે માતાને ધન્યવાદ આપતો. મારી સાથે માતા આસાનીથી વાતચીત કરી શકે તે માટે આ મારો હંમેશનો શિરસ્તો થઈ ગયો હતો. હું ત્રીજા ક્રમે સૌથી મોટો હતો. ઘરમાં જયારે હું નવરો પડતો ત્યારે હું મારાથી નાના બાળકને ઉઠાવી લેતો અને એને રમાડતો. મારા અત્યારના ક્ષેત્રકાર્યમાં મારો આ અનુભવ મારે માટે અમૂલ્ય સાબિત થઈ રહયો હતો.

મેં હવે એક નાનું નગ્ન બાળક ઉંચકી લીધું પરંતુ તે રડવા માંડયું અને તેની માતા પાસે જતું રહયું. તેણે તેને હાથમાં ઉંચકી લીધું.

'તમારે કેટલા બાળકો છે ?' લતીફીએ પૂછયું.

'ત્રણ.'

'આ બહુ સુંદર છે.' મેં કહયું.

બરાબર ખાતરી થયા પછી માતા તેના બાળકને હાથમાં લઈ દરવાજે આવીને ઉભી રહી. તે તેની વીસીમાં હહતી, પાતળી, કાળો રંગ અને કાળી આંખો. તેણે લાલ સાડી પહેરી હતી અને તે ભયંકર કંગાલિયતમાં જીવતી, સવારથી રાત સુધી રોજ મજૂરી કરતી દસ લાખ સ્ત્રીઓમાંની એક હતી.

'તમારું નામ શું છે ?'

'સૂફીયા બેગમ.'

'તમારી ઉંમર શું છે ?'

'એકવીસ.'

મેં પેન અને નોટપેડનો ઉપયોગ ના કર્યો. કારણકે કદાચ તે તેનાથી ગભરાઈ જાત. બીજી મુલાકાત દરમ્યાન મેં મારા વિદ્યાર્થીઓ ઉપર એ છોડી દીધું.

'આ વાંસ તમારા છે ?' મેં તેમને પૂછયું.

'હા.'

'તમે એ કયાંથી મેળવો છો ?'

'હું એ ખરીદું છું.'

'વાંસ કેટલા રૂપિયામાં મળે છે ?'

'પાંચ રૂપિયા .'

'તમારી પાસે પાંચ રૂપિયા છે ?'

'ના, હું પૈકર પાસેથી તે ઉછીના લઉં છું.'

'વચેટિયા ? એની સાથે તમારી શું વ્યવસ્થા ગોઠવાય છે ?'

'દિવસના અંતે મારે મારા વાંસના સ્ટૂલ તેમને જ વેચવા પડે કે જેથી હું મારી લોન પાછી ચૂકવી શકું. એમ કરતાં જે કાંઈ વધે તે મારો નફો.'

'એ તમે કેટલામાં વેચો છો ?'

'પાંચ રૂપિયા અને પચાસ પૈસા.

'એટલે કે તમારો નફો પચાસ પૈસા થયો ?'

તેણે હકારમાં માથું ધુણાવ્યું. આમ તેનો નફો માત્ર પચાસ પૈસા જેટલો થયો.

'શું તમે ઉછીની રકમ લઈને તમારી પોતાની જ કાચી સામગ્રી ના ખરીદી શકો ?'

'હા, પણ શાહુકાર બહુ પૈસા માગશે અને જે લોકો તેની પાસે જાય છે તે વધારે ગરીબ જ બનતા હોય છે.'

'શાહુકારો કેટલું વ્યાજ લે છે ?'

'એમને મન ફાવે તેટલું. કયારેક તેઓ અઠવાડિયામાં દસ રૂપિયા લે છે. મારા પાડોશી તો રોજના દસ રૂપિયા વ્યાજ ચૂકવે છે !'

'એટલે કે વાંસનું આ સરસ સ્ટૂલ બનાવીને માત્ર પચાસ પૈસા જ કમાઓ છો ?'

'હા.'

ત્રીજા વિશ્વના દેશોમાં વ્યાજના આ પઠાણી દર એટલા બધા રૂઢ થઈ ગયા છે અને સામાજિક રીતે સ્વીકૃત બન્યા છે કે દેણદારને પણ તે દમનકારી લાગતા નથી. બાંગ્લાદેશના ગામડાંઓમાં વાવણીની ઋતુ શરૂ થતાં જેટલી ડાંગર ઉછીની લેવામાં આવે છે તેના બદલામાં લણણી સમયે તેનાથી અઢી ગણી પાછી ચૂકવવી પડે છે. **(ક્રમશઃ)**

**બોધગ્રહણ કરવા જેવી વાત**

બાજ પક્ષી પર માત્ર કાગડો જ ચાંચ મારવાની હિંમત કરી શકે. કાગડો તેની પીઠ પર બેસી ચાંચ મારે, ગર્દન પર ચાંચ મારે છે.

પરંતુ બાજ સહન કરી લે છે અને પોતાની પાંખ ખોલી ઉડવાનું શરૂ કરે છે. અને એટલી ઉંચાઈએ જાય છે ત્યાં કાગડા માટે શ્વાસ લેવાનું પણ મુશ્કેલ બની જાય છે. અને ધીમે ધીમે ઓકિસજન મળતો બંધ થાય છે. કાગડો મૃત્યુ પામે છે અને નીચે પડી જાય છે. અને વિરોધ કરનારો નીચે પટકાઈને મરી જાય છે.

ઉંચા ઉઠો, તાલિમથી ઉંચા ઉઠો, વેપારથી અને ઉંચા ઉઠો આપણા કિરદારથી... મુસલમાનો માટે આટલું જ બસ છે.

■ પ્રસ્તુતિઃ અહમદભાઈ વાવડા સાહેબ (લંડન-યુ.કે.)

## ▪ શકિત અને સૌંદયવધક ઔષધ: કેસર

આયુર્વેદના અતિ પ્રાચીન ગ્રંથોમાં કેસરનો ‘કાશ્મીરજ’ નામની ઉલ્લેખ જોવા મળે છે. જેના ઉપરથી એટલું તો ચોકકસ કહી શકાય કે, અતયારની જેમ ત્યારે પણ કાશ્મીરના ખૂબ ઉંચા પ્રદેશમાં કેસરના છોડનું વાવેતર કરવામાં આવતું હશે. આ છોડના ફૂલો પર રહેલા સ્ત્રી-કેસરને જ આપણે કેસર કહીએ છીએ. આજકાલ કેસરમાં અનેક પ્રકારે ભેળસેળ કરવામાં આવે છે એટલે સાચું કેસર મેળવવું ઘણું મુશ્કેલ છે. આયુર્વેદ પ્રમાણે સાચું-શુધ્ધ કેસર ઉત્તમ શકિત અને સૌંદર્યવર્ધક છે.

ગુણકર્મો: કાશ્મીરના પમ્પુર અને જમ્મુના કિશનવાડ નામના પ્રદેશોમાં જ કેસરના દોઢ ફૂટ ઉંચા બહુવર્ષાયુ છોડનું વાવેતર કરવામાં આવે છે. ફ્રાંસ, ઈટાલી, સ્પેન, ગ્રીસ, ચીન, તુર્કી વગેરે દેશોમાં પણ તેની ખેતી થાય છે. ભારતમાં મોટા ભાગનું કેસર સ્પેન અને ફ્રાંસથી આયાત કરવામાં આવે છે. આ બધામાં સ્પેનનું કેસર સર્વશ્રેષ્ઠ ગણાવાય છે.

આયુર્વેદ પ્રમાણે કેસર સ્વાદમાં કડવું અને તીખું, ગરમ, ભૂખ લગાડનાર, પચવામાં હળવું, ત્રિદોષનાશક(મુખ્યત્વે વાયુ અને કફનાશક), ચેતાતંત્રને ઉત્તેજિત કરનાર, મગજને બળ આપનાર, હૃદય અને આંખો માટે હિતકારી, રકતને સુધારનાર, વાજીકરણ, ગર્ભાશય સંકોચક અને કડવું છતાં પૌષ્ટિક છે. તે અગ્નિમાંદ્ય, સોજા, હૃદયની દુર્બળતા, રકતવિકારો, માસિક સંબંધી પીડા, તાવ, આંચકી, પ્રદર રોગ, શ્વાસ રોગ અને આમવાતનો નાશ કરનાર છે.

કેસરમાં અનેક પ્રકારે મિલાવટ કરવામાં આવે છે એટલે સાચું કેસર કયું તે જાણવામાં મુશ્કેલી થાય છે. કેસર સાચું છે કે નકલી તે જાણવા માટે ઘણી પરીક્ષાઓ આપણાં શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે આમાંથી સૌથી સરળ પરીક્ષા આ પ્રમાણે છે. કેસરને પાણીમાં પલાળીને સફેદ કપડા પર લગાડવાથી પીળાશ પડતા કેસરિયા-નારંગી રંગનો ડાઘ પડે તો અસલી કેસર અને જો પ્રથમ લાલ રંગનો ડાઘ પડીને પછી તે પીળા રંગમાં પરિવર્તન થાય તો તેને નકલી કેસર સમજવું. ઘણીવાર મિલાવટી કેસરમાં લાલ સાથે પીળા તાંતણા(અન્ય પુષ્પોના કેસર)મિકસ કરી દેવામાં આવે છે. કેસરના તાંતણા કયારેય પીળા રંગના હોતા નથી.

ઉપયોગ: વાયુ અને કફના રોગો માટે કેસર સર્વોત્તમ છે. શરદી-ખાંસી, તાવ અને વાઈરલ રોગોમાં તે ઉત્તમ પરિણામ આપે છે. એન્ટિ ઓકિસડન્ટ હોવાથી રોગપ્રતિકારક શકિત વધારે છે તથા ત્વચા અને અન્ય અંગોને યુવાન રાખે છે. કોઈપણ વ્યકિતને ઉપરોકત શ્વસનતંત્રને લગતાં કોઈ અસામાન્ય લક્ષણો જણાય તો કેસરનો આ પમાણે કરી શકે છે. કેસર અને હળદર દૂધમાં મેળવીને ગરમ કરીને સુખોષ્ણ થાય એટલે ધીમેધીમે પીવાથી ગળા અને ફેફસાના રોગમાં લાભ થાય છે. ન મટતી હોય એવી શરદી-ખાંસી તાવ મટે છે. બાળકોને અધિક તકલીફમાં આ ઉપચારની સાથે જાયફળ અને કેસર પાણીમાં ઘસીને કપાળ,નાક અને છાતી પર લેપ કરવા.

કેસર માસિક સંબંધી તકલીફોનું ઉત્તમ ઓષધ છે. જે સ્ત્રીઓને માસિક ઓછું આવતું હોય કે ખુબ જ પીડા સાથે આવતું હોય તેમણે આ પમાણે ઉપચાર કરવો. એક ગ્રામ કેસર અને થોડું કપુર લઈને બંનેને ગરમ કરી પાણીમાં ભેગાલસાટી લેવા. આ પાણી માસિક આવવાના ત્રણ દિવસ પહેલાંથી સવાર સાંજ લેવું. દુ:ખાવા વગર માસિક ખુલાસાથી આવશે.

ઘણી વખત ગભાવસ્થા દરમિયાન અકસ્માત પેટમાં સામાન્ય દુખાવા સાથે થોડો રકતસ્ત્રાવ થતો હોય છે. આવા રકતસ્ત્રાવ પર કેસર ઉત્તમ પરિણામ આપે છે. ૧ થી ૨ ગ્રામ કેસર અડધા કપ માખણમાં મેળવી તેમાં થોડી સાકર નાખીને દર ત્રણચાર કલાકે આપવું. સંપુણ આરામ કરવો. દુ:ખાવો ઓછો થઈ રકતસ્ત્રાવ બંધ થવા લાગશે.

કેસર સાથે બીજા ઔષધો પયોજીને કુંકુંમાદિ તેલ બનાવવામાં આવે છે. આ ઔષધ અત્યંત સૌંદયવર્ધક હોવાથી ખૂબજ પસિધ્ધ છે. (બજારમાં આ તેલ તૈયાર મળી રહે છે.) ચહેરા પરના અને આંખો નીચેનાં કાળા ડાઘા-કુંડાળા, ખીલ, ખીલના ડાઘ સાથે ચામડીના વિવિધ રોગો પર આ તેલ લગાડવાથી કે તેનું માલિશ કરવાથી ઉત્તમ પરિણામ મળે છે.

ઘણા લોકોને દૂધ માફક નથી આવતું. તેમણે કેસર સાથેના દૂધનું સેવન કરવું જોઈએ. દૂધના પાચનમાં કેસર સહાય કરે છે એટલે દૂધમાં કેસર, જાયફળ, જાવંત્રી, એલચી વગેરે નાંખીને દૂધ પીવું જોઈએ. ઝાડા, સંગ્રહણી જેવા રોગોમાં પણ આવું દુધ હિતકારી છે.

કુંકુંમાદિ તેલ સિવાય કુંકુંમાસવ, કુંકુંમાદિ ઘૃત, કેસરપાક, કેસરાદિ વટી, બાલાર્ક રસ, કુંકુંમાદિ ચૂર્ણ વગેરે આયુર્વેદિય ઔષધોમાં કેસર વપરાય છે. આ ઔષધો વિવિધ રોગોમાં ઘણાં ઉપયોગી છે.

## • વિવિધ ભાષાઓનું પ્રતિનિધિત્વ કરતી સાહિત્ય નગરી સુરત

રાંદેરમાં રહેતા દિગ્ગજ ઘણી મોટી ગજાના ઉર્દૂ શાયર ભાઈ વસીમ મલીકે આજથી ૬૦ વર્ષ પહેલાં અમે સુરતના ઉર્દૂ શાયરો સાથે હમલોગ નામની પુસ્તિકા જેમાં ઉર્દૂના શાયરોની ગઝલો, નઝમો હિંદીમાં છપાવતા.

આવી એકાદ પુસ્તિકા મળી તેમાંથી વિગતો મેળવી આ લેખ પ્રસિધ્ધ કર્યો છે.

આજે વસીમભાઈએ વર્ષો પછી અમને યાદ કર્યા તે માટે એમનો આભાર માનવો જ રહયો.

વસીમભાઈ ઉર્દૂમાં ઘણી ઉંચી ગજાના શાયર છે. એમને દેશ-વિદેશમાંથી મુશાયરાઓમાં આમંત્રણ મળતાં જ રહે છે. અરબસ્તાનથી પણ એમને આમંત્રણ મળેલું અને ત્યાં ઘણાં સફળ રહેલા. એમના ગઝલ સંગ્રહો પણ પ્રગટ થયા છે.

એક વાતનો ઉલ્લેખ કરું- અમે આ પુસ્તિકા પ્રગટ કરતા તો તે સમયના શહેરના પ્રમુખ/મેયર ગોરધનદાસ ચોખાવાલા સાહેબ પણ અમારી સાથે ઘણીવાર સુધી બેસતા. અમે તો માત્ર થોડા જ શાયરો આ મુશાયરો કરતા. અમારા આમંત્રણને માન આપી આવતા.

આજે આનંદ એ વાતનો છે કેઃ-

વરસોની વાત પાછી નવેસરથી થાય છે.

આભાર...વસીમભાઈ...આભાર. લિ.તંત્રી


લતીફ સુરતી


એડ.કાઝિમ હકીમ


મસ્ત મંગેરા

સમયની રફતારનું ચક્ર હંમેશા ચાલતું જ રહે છે. એ અટકતું નથી. અટકી શકે પણ નહીં. ગઈકાલના સુરત અને આજના સુરતમાં આમ તો ઘણું પરિવર્તન જોઈ શકાય છે પરંતુ સાહિત્ય પ્રવૃત્તિ પછી તે કોઈપણ ભાષાની હોય, ઉર્દૂ હોય કે ગુજરાતી તેના અવરોધને અહિં કોઈ અવકાશ સર્જાયો નથી. કે તે કોઈ એક વર્ગ કે કોમની ઓળખ બની શકી નથી. જયંત પાઠકથી લઈને કિસન સોસા સુધીના કવિઓનું ગુજરાતીમાં યોગદાન રહયું છે તો ઉર્દૂ ભાષામાં મનહરલાલ ચોકસી, ઠાકોરભાઈ દેસાઈ, પરિમલ વગેરેએ કિંમતી યોગદાન પોતાના સમયમાં આપ્યું હતું અને આજે નવી પેઢીના કવિઓ પણ તેમાં કાર્યરત છે.

આજથી ૬૫ વર્ષ પહેલાં ૧૯૬૦માં પણ આવી સાહિત્ય પ્રવૃત્તિઓ ખાસ્સી ચાલી રહી હતી. સુરતના ઉર્દૂ કવિઓની નિયત કાળના પ્રકાશનો ધ્વારા પણ ખાસ્સી પ્રસિધ્ધિ પામતા રહયા હતા. સુરતના નવયુવાન કવિઓની ઉર્દૂ રચનાઓ ગુજરાતી અને હિન્દી ભાષામાં પણ પ્રગટ થતી હતી. **'હમલોગ'** નામક એક અનિયકાલિક પ્રકાશનમાં એક નવીનતા એ સમયે પણ એવી હતી કે તેના દરેક પ્રકાશનના સંપાદકોનું કામ અલગ અલગ કવિઓને સોંપવામાં આવતું તેની એક કોપી જે મનોહરલાલ ચોકસી સાહેબે સંપાદન કરી હતી તે ભાઈશ્રી સંજય ચોકસી મને બે વર્ષ પહેલાં આપી હતી. એ 'હમલોગ'ની લીપી હિન્દી રહેતી હતી. 'હમલોગ'ધ્વારા પ્રકાશન ઉપરાંત કવિ સંમેલનોનું આયોજન પણ થતું રહેતું.

'હમલોગ'ની સમિતિમાં એડવોકેટ મુહમ્મદ કાઝિમ હકીમ, ઠાકોરભાઈ દેસાઈ, 'પરિમલ'મનહરલાલ ચોકસી, શશીકાંત જરદોશ, અહમદ ચીનીવાલા, મુખ્તાર રાંદેરી, મખ્મૂર સુરતી, દર્દ સુરતી, સાકી રાંદેરી, અમીન રાંદેરી,

આદિલ સુરતી, સેહબા સુરતી, શૈખ સુરતી, ખુમાર લાજપુરી, મસ્તમંગેરા અને 'લતીફ'સુરતી વગેરે કાર્યરત હતા. જેમાં ઉર્દૂ અને પર્શિયન ભાષાના પીઢ ઉપાસક શશીકાંત જરદોસનું નામ પ્રોત્સાહક તરીકે મોખરે હતું જે નવી પેઢીના કવિઓ માટે માર્ગદર્શકરૂપ રહયા હતા. હમલોગની આ નામાવલીમાં હવે માત્ર એડવોકેટ કાઝિમ હકીમ, મસ્ત મંગેરા અને લતીફ સુરતી માત્ર ત્રણ સભ્યોજ હયાત રહયા છે.

'હમલોગ'ના ૧૯૬૦ના ૨૬મી જાન્યુઆરી, પ્રજાસત્તાકદિન પ્રસંગે પ્રગટ થયેલા એક પ્રકાશન જેના સંપાદક સ્વ.મનહરલાલ ચોકસી હતા. તેમાં ઉર્દૂના પીઢ શાયર નાચીઝ રાંદેરીના નવયુવાન સુપુત્ર 'મુખ્તાર'રાંદેરી, 'અહમદ' ચીનીવાલા, ઠાકોરભાઈ દેસાઈ 'પરિમલ', મનહરલાલ ચોકસી-'મુનવ્વર', 'આદિલ' સુરતી, 'મખ્મૂર' રાંદેરી, 'અમીન' રાંદેરી વગેરેની ઉર્દૂ રચનાઓ જોઈ શકાય છે. 'હમલોગ' રદીફમાંજ લખાયેલી એમની એક ગઝલમાં 'મુખ્તાર' રાંદેરી કહે છે કે....

ફિર ઉભરનેકો ડૂબ જાતે હંય,
ફિતરતન આફતાબ હંય હમલોગ

અમે ફરી ઉદય પામવા માટે અસ્ત થઈ જઈએ છીએ કારણ કે પ્રાકૃતિક રીતે સામે સૂર્ય જેવા છીએ.

મિત્રો, પોતિકા વ્યકિતઓ કહી શકાય એવાને સંબોધી અહમદ ચીનીવાલા કહે છે :

તુમ તો અપને હો તુમ્હેં કબ સે ચલે આના થા,
મેરી પુરશિસ કો ચલે આતે હંય બેગાને તક

પોતિકા માણસોની પ્રતિક્ષા ન હોય તમે તો પોતિકા માણસ છો તમારે તો કયારના આવી જવું જોઈતું હતું. મારા ખબર માટે તો પારકી વ્યકિતઓ પણ પૂછપરછ કરે છે.

માણસની કેટલીક મહેચ્છાઓ તેના જીવન સાથે સંકળાયેલી હોય છે. બલ્કે તે જીવન સાથે આત્મસાત થઈ જાય છે. ઠાકોરભાઈ દેસાઈ 'પરિમલ' 'નિકહત'(સુવાસ) (ઉર્દૂમાં એમનો તખલ્લુસ 'નિકહત' હતો પોતાના એક શેરમાં કહે છે:

સિર્ફ ઉન્કી જુસ્તજૂ હી થી મેરી યે ઝિન્દગી,
ઉન્કા મિલ જાના હય મેરી મૌત આજાને કા નામ

કેટલીક આકાંક્ષાઓ એવી પણ હોય છે કે જે જીવનના અંતની પરિપૂર્ણતા બની રહે છે. માત્ર વિયોગ જ નહીં પરંતુ મિલન પણ મૌતનું કારણ બની શકે છે.

માનવીને જિન્દગીની જાગીર કુદરત તરફથી પ્રત્યેકને મળે છે. જેમં સુખ અને દુ:ખ બંનેનું અસ્તિત્વ હોય છે. જીવનમાં કેટલીક પીડાઓ અન્યો તરફથી પણ મળે છે. જેમના ઉપનામમાં જ દર્દ-વ્યથા હોય છે એવા સ્વ.અબૂબકર દર્દ સુરતી એક શેરમાં કહે છ:

જિસે તૂને જહાને ગમકી જાગીરેં અતા કરદીં,
નિશાતો એશ સે માનૂસ ફિર વોહ ઝિન્દગી કયું હો ?

વ્યથાનું એક સમગ્ર જગત જેને અર્પણ કરી દેવાયું હોય ભલા તેના જીવનમાં સુખ અને આનંદની અનુભૂતિની શકયતા જ કયાં રહે છે ?

માણસ હંમેશા સુખની ખેવના પોતાના દિલમાં રાખે છે. પણ અંતરની કાંઈ બધી આરઝૂઓ પૂરી થઈ શકતી નથી. તેનું વિવરણ બે પંકિતઓમાં શેખુરતી કરે છે:

શેખ ફૂલોં કી આરઝૂ હય ગલત
ખૌફ તુઝકો અગર હો ખારોં કા

જિન્દગીના સુખ-દુઃખ બંને માણસે સ્વીકારી લેવા પડે છે અને સંતોષનો મધ્યમ માર્ગ લેવો પડે છે. સુખ માણસનું પ્રિયપાત્ર તત્વ છે પણ માત્ર આપણે ફૂલો એટલે સુખની જ ખેવના રાખીએ અને દિલમાં કંટકોની વેદના દુઃખનો જ ખ્યાલ કર્યા કરીએ એ ખોટું છે.

હમલોગના પ્રકાશન અને તેની પ્રવૃત્તિમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા એડવોકેટ કાઝિમ હકીમની રહી છે. માત્ર એટલું જ નહીં પણ સુરતીની સાહિતય પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં તેમનું યોગદાન નાનું સુનું નથી. ઉર્દૂ સાહિત્ય આકાશના ધરખમ સિતારાઓ સમાન શાયરોને સુરતના શ્રોતાઓ થી રૂબરૂ કરાવનાર કાઝિમ હકીમના આયોજન હેઠળ અહીં અનેક મુશાયરાઓનું આયોજન તેમણે સુપેરે સફળતાપૂર્વક કર્યું છે. જેને લોકો આટલા વર્ષે પણ યાદ કરે છે. સાહિત્યના વિવિધ વિભાગોમાં પણ તેમનું યોગદાન રહયું છે. ગઝલો ઉપરાંત એમની પ્રાસંગિક નઝમો-રચનાઓ ઉપરાંત તેઓએક વ્યકિત કરતાં એક સંસ્થાની હેસિયત વધુ રાવે છે. આજે તેઓ ખૂબ જ બીમાર છે અને એમની દીકરી-જમાઈ એડવોકેટ બક્ષી સાહેબ દરીયા મહેલ મુગલસરા ખાતે રહે છે.

સુરતના જનાબ લતીફ સુરતી સાહેબનો એક સુંદર શેર ૬૫ વર્ષ પૂર્વે લખાયેલ જે આજના જમાનાની કડવી સચ્ચાઈ છે.

કુછ ઈસ તરહ સે નાપતે હંય દેખો બુલન્દિયાં,

તેરે મકાં સે ઉંચા મેરા મકાન હય.

હમલોગના પ્રકાશને બિન મુસ્લિમ કાવ્ય રસિકોમાં પણ ભારે રસ પેદા કર્યો હતો. (બિન મુસ્લિમ શબ્દ એટલા માટે લખ્યો છે કે આજના જમાનામાં ખાસ કરી આપણા ગુજરાતમાં ઉર્દૂ મુસ્લિમોની ભાષા છે એવું મોટાભાગના લોકો માને છે.) કારણકે હિન્દીમાં તેનું પ્રકાશન થતું હતું અને તેના ધ્વારા તેઓ ઉર્દૂથી સારી રીતે માહિતગાર થતા હતા. ઉર્દૂના પ્રસારમાં અને ઉર્દૂ નહીં જાણતા કાવ્ય રસિકોને સંતુષ્ઠ કરવાનું હમલોગનું પ્રકાશન એક શ્રેષ્ઠ માધ્યમ બન્યું હતું. તેમાં કાઝિમ હકીમ અને સમિતિનો સિંહ ફાળો હતો.

ચાંદ કે ગિર્દ ચમકતા જો હાલા હૈ હમલોગ

દૂર કરદે જે અંધેરે વો ઉદલા હૈ હમલોગ - (કાઝિમ હકીમ)

ચંદ્રની આસપાસ જે વર્તૂળ હોય છે એના સમાન અમે લોકો છીએ, જે અંધકારને દૂર કરી દે. છે અસમાન અમે લોકો છીએ.

કાઝિમ હકીમ સેવાકીય પ્રવૃત્તિઓ અને ખાસ કરીને ઉર્દૂના પ્રચાર-પ્રસારમાં સક્રિય હતા. અહમની સાથે સાથે જ.અહમદ ચીનીવાલા, શ્રીમાન મનહરલાલ ચોકસી ઉર્ફે મુનવ્વર સુરતી, જ.લતીફ સુરતી તેમજ મહૂૅમ શશીકાંત જરદોસ સાહેબ આ પાંચેય મહાનુભાવોને આજે પણ સાચા સાહિત્ય પ્રેમી લોકો યાદ કરી રહયા છે. ઉર્દૂ ના પ્રચાર-પ્રસારમાં એમનો સિંહ ફાળો રહયો છે. એવું છેલ્લા ૬૦-૬૫ વર્ષનો ઉર્દૂ પ્રચારના ઈતિહાસ પર નજર રાખતા જોવા મળે છે. તે જમાનામાં જે ઉર્દૂ સાહિત્ય પ્રચાર-પ્રસાર માટે કામ થતું હતું તે જોતાં આજે ૧૦ ટકા પણ થતું નથી. આજે માત્ર લેખન પ્રવૃત્તિ જ ચાલી રહી છે.

